# માનનીય જનકભાઈની સ્પીચ

માનનીય અધ્યક્ષશ્રી,

આ સન્માનનીય ગૃહમાં આજ રોજ હાથ ધરાનાર વર્ષ 2024-25ના વર્ષના અનુદાનો માટેની માંગણી નંબર-૯૮ પરની ચર્ચામાં ભાગ લેવાનો અવસર મળ્યો છે ત્યારે હું મારા કેટલાક વિચારો આ સભા ગૃહ સમક્ષ રજુ કરવા ઉભો થયો છું જેની હું વિનમ્ર અનુમતિ માંગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી,

આજે મારે યુવા સેવા અને સાંસ્કૃતિક પ્રવુતિઓની અગત્યની કામગીરી તથા સિદ્ધિઓની વાત ગૃહના માધ્યમથી  જણાવવા માંગુ છુ.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આ વિભાગ પોતાની વિવિધ શાખાઓ જેવી કે, સંસ્કૃતિ શાખા, ઉજવણી શાખા અને સાહસ શાખા, યુથ બોર્ડ શાખા જેવી શાખાઓના માધ્યમથી વિવિધ પ્રવૃત્તિઓ કરે છે. સંસ્કૃતિ શાખા કલાક્ષેત્રે જેમણે ગણનાપાત્ર સ્થાન પ્રદાન કર્યું હોય અને વ્યક્તિની ઉંમર 60 વર્ષ કરતા વધું હોય તથા શારીરિક રીતે અશક્ત હોય એવાં નિઃસહાય કલાકારો અને આશ્રિતોને વાર્ષિક આર્થિક સહાય આપવાનું કાર્ય કરે છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આ શાખા દ્વારા સને 2023-24 ના નાણાકીય વર્ષ દરમ્યાન કુલ 272 કલાકારો / આશ્રિતોને વાર્ષિક 6,64,200/ રૂપિયાની આર્થિક સહાય કરેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

રાજ્યની પ્રજા ધાર્મિક, સાંસ્કૃતિક ઉત્સવો માણી શકે અને એ દ્વારા પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી શકે, એ માટે યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગની ઉજવણી શાખા દ્વારા "નવરાત્રિ શક્તિ પર્વ -2023" ની ઉજવણી કરવામાં આવી હતી.

**માનનીય અધ્યક્ષશ્રી,**

નવરાત્રી ગુજરાતની વૈશ્વિક ઓળખ બની છે ત્યારે આ ઉત્સવને ધાર્મિક રીતે ઉજવવા માટે ધાર્મિક મહત્વ ધરાવતા 11 સ્થળોએ નવરાત્રિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્થળોએ ગુજરાતનાં જાણીતાં કલાકારો દ્વારા માતાજીના ગરબાની જીવંત પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

**માનનીય અધ્યક્ષશ્રી,**

77માં સ્વાતંત્ર્ય પર્વની રાજ્યકક્ષાની ઉજવણી વલસાડ ખાતે માનનીય મુખ્યમંત્રી આદરણીય ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે કરવામાં આવી હતી. જેમાં વલસાડની ઐતિહાસિક ધરોહરની થીમ પર 250 જેટલાં કલાકારોએ "ધન્ય ધરા વલસાડી" કાર્યક્રમ પ્રસ્તુત કર્યો હતો.

**માનનીય અધ્યક્ષશ્રી,**

મને કહેતા ગર્વ થાય છે કે મારા મત વિસ્તારના લાઠી તાલુકાના દુધાળા ગામે ગયા નવેમ્બરમાં 15 થી 25 તારીખ વચ્ચે અનોખા જળ ઉત્સવ -2023 કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા કુલ સાત દિવસ સુધી સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. રાજ્યનાં 11 જેટલાં પવિત્ર યાત્રાધામો ખાતે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતા, એનો લાભ હજારો યાત્રાળુઓને મળ્યો હતો.

**માનનીય અધ્યક્ષશ્રી,**

G-20 આયોજન સમયે પણ અનેક સાંસ્કૃતિક આયોજનો કરીને આ વિભાગે ગુજરાતની સાંસ્કૃતિક ઝાંખી વિશ્વના દિગ્ગજ રાજપુરુષો સામે પ્રસ્તુત કરીને ગુજરાતનાં સાંસ્કૃતિક વારસાને ઉજાગર કર્યો હતો.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગુજરાત સરકાર દ્વારા ગત 17 થી 29 નવેમ્બર 2023 દરમ્યાન ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલયના સહયોગથી "સૌરાષ્ટ્ર તમિલ સંગમ"નું આયોજન કરવામાં આવ્યું હતું. જેના થકી ગુજરાત અને તમિલનાડુ વચ્ચે બે પ્રદેશની સાંસ્કૃતિક વિરાસતોનું આદાન પ્રદાન થયું હતું. સાંસ્કૃતિક વિરાસતોનું આવું અજોડ જોડાણ કરવા માટે હું ભારત સરકાર અને ખાસ કરીને આપણાં પ્રધાનમંત્રીશ્રી આદરણીય નરેન્દ્રભાઈ મોદીસાહેબને તથા ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી,

રાજ્યના પ્રતિભાશાળી યુવક યુવતીઓ સાહિત્ય, કલા અને સાંસ્કૃતિક ક્ષેત્રે પોતાની મૌલિક કૃતિઓ રજૂ કરી શકે એ માટે યુથ બોર્ડ શાખા દ્વારા તાલુકા, જિલ્લા, પ્રદેશ અને રાજ્ય કક્ષાએ યુવા ઉત્સવોનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. 27માં રાષ્ટ્રીય યુવા ઉત્સવ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના તાલુકા, જિલ્લા, પ્રદેશ અને રાજ્ય કક્ષાએ વિજેતા બનેલા 55 જેટલાં સ્પર્ધકોએ ભાગ લઈ, નોંધપાત્ર દેખાવ કર્યો હતો.

માનનીય અધ્યક્ષશ્રી.

રાજ્યના સરકારના આ વિભાગ દ્વારા "માઉન્ટ એવરેસ્ટ તથા વિશ્વના દુર્ગમ પહાડો સર કરનારને સહાય" બાબતની યોજના પણ અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના અંતર્ગત વડોદરાની આપણી સાહસી દીકરી નિશાકુમારીને 15 લાખ રૂપિયાની આર્થિક સહાય ચૂકવવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી,

રાજ્યના યુવાધનને યોગ્ય તકો મળે અને આપણી સાંસ્કૃતિક વિરાસતો સાથે આપણો ભવ્ય વારસો જળવાઈ રહે તેવા શુભ આશય સાથે રાજ્ય સરકારનો આ પ્રભાગ ઉમદા કામ કરે છે. જેથી વિભાગની આ કામગીરીને હું હર્ષ સાથે વધાવી લઇ, આ વિભાગ સંભાળતા હર્ષભાઈને પણ હર્ષ સાથે અભિનંદન પાઠવું છું. સાથે માંગણીઓ પરની ચર્ચા અને જોગવાઈઓને મારું પૂર્ણ સમર્થન જાહેર કરું છું.

ધન્યવાદ.

જય જય ગરવી ગુજરાત